સને ૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૧૦૦ કરોડથી વધુ રકમની સમાજ સુરક્ષા પ્રભાગને સંબંધિત ચાલુ બાબતોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/ MSM/e-file/17/2025/2416/CHH-1 Section
સચિવાલય, ગાંધીનગર
તા. As per E-sign.

29 APR 2026

વંચાણે લીધો:

(૧) નાણાં વિભાગનો તા.૨૫/૦૨/૨૦૨૬ નો પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2026/0429/Z1(Economy)

ઠરાવ:-

નાણા વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભ હેઠળના પરિપત્રથી સનેઃ-૨૦૨૬-૨૭ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલી છે.

૨. સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે આ વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા પ્રભાગને સંબંધિત ચાલુ બાબત કે જેનો સમાવેશ અંદાજપત્ર પ્રકાશનમાં થયેલ છે તેવી ૧૦૦ કરોડથી વધુ રકમની યોજનાઓને નીચે દર્શાવેલ શરતોને આધિન આ સાથેના દર્શાવેલ Statement-A મુજબ વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬થી કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના

ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૨) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) C.M. Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ સાથે સામેલ રાખેલ Statement A માં દર્શાવેલ ચાલુ બાબતો માટે આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રી(સા.ન્યા.)ની મળેલ મંજૂરી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણઃ- Statement-A

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

File No: SJED/MSM/e-file/17/2025/2416/CHH-1 Section
Approved By: Secretary InCharge,SJED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/છ-૨ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Statement-A
Social Justice and Empowerment Department
Social Defence Department, Gujarat State, Gandhinagar
Budget Estimates : 2026-27 Continuous Items
Above 100 Cr : Demand No. 92, 95 & 96 (Chh-1 Branch)

(Rs. In Crore)

Sr. No.	Budget Head						Name of the Scheme	Components of the Scheme	Budget Estimates 2025-26	Budget Estimates 2026-27	Budget Book Page No.	Remarks
	Demand No.	Major Head	Sub-Major Head	Minor Head	Sub-Head	Detailed Head						
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13
1	92	2235	02	101	01	00	092 : 2235 : 02 : 101 : 01 (SSW-05 Disable Welfare) (Scholarship , Aids and appliance, G.I.A., C.B.R., Santsurdas Pension & Insurance Scheme)	Scholarship	1.19	0.80	40 & 41	
								Prosthetic aids and Appliance	73.58	56.08		
								Scheme for physically Handicapped	97.00	88.15		
								F.A. to person with disability - Sant Surdas Scheme	206.03	175.40		
								Insurance policy	0.40	0.78		
									378.20	321.21		
2	95	2235	02	101	01	00	095 : 2235 : 02 : 101 : 01 (SSW- 05 Disable Welfare) (Scholarship , Aids and appliance, G.I.A., C.B.R., Santsurdas Pension & Insurance Scheme)	Scholarship	0.08	0.08	125	
								Scheme for physically Handicapped	5.75	6.75		
								F.A. to person with disability - Sant Surdas Scheme	24.30	20.00		
								Prosthetic aids and Appliance	1.40	0.72		
									31.53	27.55		
3	96	2235	02	796	05	00	096 : 2235 : 02 : 796 : 05 (SSW- 05 Disable Welfare) (Scholarship , Aids and appliance, G.I.A., C.B.R., Santsurdas Pension & Insurance Scheme)	Scholarship	0.17	0.12	143	
								Prosthetic aids and Appliance	1.87	1.20		
								Scheme for physically Handicapped	6.50	8.00		
								F.A. to person with disability - Sant Surdas Scheme	32.90	30.20		
									41.44	39.52		
Total : Above 100 Cr : Demand No. 92, 95 & 96 (Chh-1 Branch)									451.17	388.28		

File No: SJED/MSM/e-file/17/2025/2416/CHH-1 Section
Approved By: Secretary InCharge,SJED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign